# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04-04-2024** **Midday : 2.30 to 2.35**

**Day: THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર હેમાંગીની સોનારા વાંચે છે.

---

---------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

## election

રાજ્યમાં આગામી લોકસભા સામાન્ય ચૂંટણી સંદર્ભે વિવિધ મતદાન જાગૃતિના કાર્યક્રમો યોજાઇ રહ્યા છે.

મહેસાણા જિલ્લામાં સ્વીપ કામગીરીની સમીક્ષા અર્થે જિલ્લા કલેકટર ના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઇ હતી. જિલ્લામાં લોકસભાની ચૂંટણીના મતદાન પૂર્વે 1 હજાર 805 મતદાન મથકોએ સલામત અને સમયસર EVM સહિતની સાધન સામગ્રી તેમજ મતદાન સ્ટાફને પહોંચાડવા માટે એસટી વિભાગ ની 195 બસોનો ઉપયોગ થશે.

વડોદરા જિલ્લા ચૂંટણી અધિકારીના માર્ગદર્શન હેઠળ સ્વીપ કાર્યક્રમ અંતર્ગત દિવ્યાંગ વ્યક્તિઓની સહભાગીતા વધે તે હેતુસર દિવ્યાંગ રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સ્પર્ધામાં  વડોદરાની વિવિધ સંસ્થાના દિવ્યાંગ વ્યક્તિઓએ  વિવિધ રમતોમાં ભાગ લઈ અને જિલ્લાના અન્ય દિવ્યાંગો તેમજ સમાજના અન્ય વર્ગોના મતદાતાઓને મતદાન માટે અપીલ કરી હતી

## Kachch- remains

કચ્છના સરહદી લખપત તાલુકાના ખટિયામાં પડદા બેટમાં કેરાલા યુનિવર્સિટીના પુરાત્વીય વિભાગ દ્વારા  ખોદકામ કરાતાં 5 હજાર 200 વર્ષ જૂના હડપ્પા સંસ્કૃતિના અવશેષો મળી આવ્યા છે.

ઉલ્લેખનીય છે કે સ્થાનિક રેતિયા પથ્થરમાંથી બનેલા ગોળ અને લંબચોરસ આકારના મકાનના પાયા પણ મળી આવ્યા છે. કેરાલા યુનિવર્સિટીના આસિસ્ટન્ટ પ્રોફેસર ડો.અભયન જી.એસ. અને ડો. રાજેશ એસ.વી.ના માર્ગદર્શન હેઠળ ખોદકામ કરાયું હતું. ફેબ્રુઆરીના અંતિમ સપ્તાહથી લઇ માર્ચ મહિનામાં આ ખોદકામ કરવામાં આવ્યું હતું.

## Drugs Kutch

પૂર્વ કચ્છ પોલીસના સ્પેશિયલ ઓપરેશન ગ્રુપે ભચાઉ ગાંધીધામ હાઇવે પરથી 64.20 ગ્રામના હેરોઇનના જથ્થા સાથે એક વ્યક્તિની ધરપકડ કરી છે. જપ્ત કરવામાં આવેલા હેરોઇનની કિંમત આશરે 32 લાખ રૂપિયા છે.

અમારા ભૂજના પ્રતિનિધિ હેમાંગ પટણી જણાવે છે કે, ગાંધીધામ બી ડીવીઝન પોલીસ સ્ટેશન ખાતેના એનડીપીસી એક્ટ હેઠળ ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

## Police recruitment

પોલીસ વિભાગના પીએસઆઈ, લોકરક્ષક, કોન્સ્ટેબલ અને જેલ સિપાઈ સહિતની જગ્યાઓ પર ભરતી માટે આજે બપોરે 3 વાગ્યાથી 30 એપ્રિલ સુધી અરજી કરી શકાશે.

પોલીસ ભરતી બોર્ડે કુલ બાર હજાર, 472 જગ્યાઓ માટે ભરતીની જાહેરાત કરી છે. આ જાહેરાત મુજબ ઓજસ વેબસાઇટ પર ઓનલાઇન ફોર્મ ભરી શકાશે.

## Earthquake Kutch

આજે સવારે નવ લાગીને 12 મીનીટે ભચાઉ તાલુકાના નેર વિસ્તારમાં 2.8ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. ભચાઉથી 14 કિલોમીટર દૂર તેનું કેન્દ્રબિંદુ નોંધાયું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, કચ્છ જીલ્લામાં સમયાંતરે ભૂકંપના આંચકાઓ અનુભવાતા રહે છે. ગત ગુરૂવારે પણ આ જ વિસ્તારમાં 2.9ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો

## Mahisagar weather

મહીસાગર જિલ્લામાં છેલ્લા ચાર પાંચ દિવસથી ગરમીમાં આંશિક ઘટાડો થયો છે. સતત ફૂંકાતા પવનોના કારણે એક બે ડીગ્રી તાપમાન માં ઘટાડો જોવા મળી રહ્યો હતો.

મહીસાગર જિલ્લાના પ્રતિનિધિ કૌશિક જોશી જણાવે છે કે, લુણાવાડા,ખાનપુર, વિરપુર, સંતરામપુર, કડાણા અને બાલાસિનોર સહિતના તમામ વિસ્તારોમાં ગુરુવારે સવારથી વાતાવરણમાં પલટો સર્જાયો છે. આકાશમાં વાદળો છવાયા છે જેના કારણે ગરમીથી તો હાલ રાહત મળી છે પરંતુ ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે.

પશ્ચિમ કચ્છના વાતાવરણમાં પણ આજ સવારથી વાતાવરણમાં પલ્ટો જોવા મળી રહ્યો છે. અમારા ભૂજના પ્રતિનિધિ હેમાંગ પટણી જણાવે છે કે, વહેલી સવારે ગાઢ વાદળો છવાયા હતા. જીલ્લામથક ભૂજ સહિતના અનેક વિસ્તારોમાં હળવા છાંટા પડ્યા હતા. હજુ કચ્છમાં બે દિવસ વાદળછાયું વાતાવરણ જોવા મળશે.

## Bhavina –paris palalympic

રાજ્યની ભાવિના પટેલ પેરિસ પેરાલિમ્પિક માટે ક્વોલિફાય થઈ ગઈ છે. ભાવિના પેરિસ બાદ ટોક્યો પેરાલિમ્પિકમાં પણ ચંદ્રક જીતવાનો લક્ષ્યાંક ધરાવે છે. તેમણે વર્ષ 2022માં કોમનવેલ્થ ગેમ્સમાં મહિલા સિંગલ્સમાં સુવર્ણ ચંદ્રક જીત્યો હતો.

## Budhasabha Bhavnagar

બુધસભાની બે હજાર 281મી બેઠક ગઇકાલે ભાવનગરમાં શીશુવિહારમાં ડૉ.છાયા પારેખના સંચાલનમાં યોજાઇ હતી. આ પ્રસંગે ગાંધી મહિલા કોલેજના નિવૃત્ત અધ્યાપિકા ડૉ.ઉષાબેન પાઠકે કવિ ઉમાશંકર જોશીના બે સોનેટ “ગયા વર્ષો” અને “રહ્યા વર્ષો” નો આસ્વાદ કરાવ્યો હતો. ડૉ.ઉષાબેન પાઠકે કાવ્ય આસ્વાદ કરાવતા કવિશ્રી ઉમાશંકર જોશીની કવિ તરીકેની વિશેષતાઓ, તેમના સાહિત્ય પર મહાકવિ કાલિદાસ, કવિવર રવીન્દ્રનાથ ટાગોર અને અખાની અસર વિશે પૂર્વભૂમિકા સ્વરૂપે

વાત કર્યા બાદ કવિના બંને સોનેટમાં વ્યક્ત થતા જીવન વિશેના ચિંતનની વિષદ છણાવટ કરી હતી.

અમારા ભાવગનરના પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે કે, બુધસભામાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. અને બુધસભા આનંદપૂર્ણ બની રહી હતી.